શ્રી નૌતમ્

ઉજ્જેણી યાને સોમનાથનો ઘેરો નાટકના ગાયનો.

શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.

આવૃત્તિ ૧ પહેલી.

અમદાવાદ,
ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
રવીદાસ છગનલાલ પરીખે છાપ્યાં
ઠે. સલાપોસના દરવાજે.

સંવત ૧૯૬૧ સને ૧૯૦૪

કીંમત. ૦-૨-૦ (બે આના,)

श्री नेमनम.

'ઉજ્જેણી' નાટક યાને સોમનાથનો ઘેરો.

ટુંક સાર.

સુત્રધાર—તથા નટી

પ્રવેશ ૧ લો.—સોમનાથનો મેળો ઠાકોર મોહનદેવજીની પુત્રી ઉજ્જેણીનું પોતાની સાહેલીઓ સાથે દર્શન કરવા આવવું બહારવટીઆઓ બાળાનો ગભરાટ પ્રધાનપુત્ર જયમલનું આવી ચઢવું. બચાવ પ્રથમ પ્રેમદર્શન રાજાના સાળા માનસિંહના અદેખાઇ.—

પ્રવેશ ૨ જો.—માનસિંહ ઉજ્જેણીને વરવાના વિચાર ઉજ્જેણીનો જયમલ સાથે થએલો પ્રેમ–તે વિષેની મોહનદેવજીને ખબર આપવી મોહનદેવજીનો ગુસ્સો ઉજ્જેણીને માનસિંહ સાથે વરાવવાનો ઠરાવ ઉજ્જેણી તથા મોહન દેવજી પીતાની કઠોરતા કુંવરીના કાલાવાલા—

પ્રવેશ ૩ જો.—લગ્નની ધામધુમ હર્ષ ઘેલો માનસિંહ ખુશાલી કચેરીમાં માનસિંહને તેડું—

પ્રવેશ ૪ થો.—શહેનશાહ મહંમદ ગીજનવીના સેનાપતી શેરશાહ તથા સીપાઇનું ગુજરાતની બાતમી મેળવવા આવવું ગવૈયાના વેશમાં ગોપાળચંદ શેઠની મારફતે મુલાકાત બંન્નેનો મેળાપ કચેરીમાં જવું—

પ્રવેશ ૫ મો.—ભીમદેવની કચેરી શેરશાહ ગવૈયાના વેશમાં મોહનદેવજીની ફરીયાદ સુરશેન પ્રધાનનું અપમાન પ્રધાનને પદવી પરથી દુર કરવો. જયમલ ઉજેણી ન્યાય—

પ્રવેશ ૬ ઠો.—માનસિંહ વેરની યુક્તિ શેરશાહનું આવવું. યુક્તિનો અનુભવ પ્રધાન સુરશેનને મળવા જવું—

પ્રવેશ ૭ મો.—જયમલસુરસેનને મળવા આવેલ માનસિંહ મસલત અપમાનના બદલામાં સુરશેન પ્રપંચમા સામેલ ઉજેણીને જંગલમાં મૂકવા જયમલને આજ્ઞા વાદવિવાદ-અંતે પિતાની આજ્ઞાને આધીન.

પ્રવેશ ૮ મો.—પિયુની વાટજોતી ઉજેણી જયમલનું આવવું દિલગીરી માનસિંહ ભેદખુલ્લો માનસિંહ સાથે ઉજેણીને જંગલમાં મોકલાવી દેવી પતિપત્નિનો વિયોગ—

પ્રવેશ ૯ મો.—ભીમદેવ લશ્કર સાથે લશ્કરને ઉશ્કેરણી સુરશેન તથા માનસિંહ દુશ્મનના લશ્કરમાં સામેલ થયાની ખબર ભીમદેવની નિરાશા ઉજેણીનું સ્વદેશ સેવા બજાવવા લડાઇમાં સામેલ થવા આવવું—

પ્રવેશ ૧૦ મો.—સોમનાથનો ઘેરો એક બાજુ કીલ્લો, બીજી બાજુ મંદીર-લડાઇ-મુસલમાનોનો કિલ્લાપર હસારો-કિલ્લાનું તૂટવું-હીંદુ લશ્કરનું બ્હાર આવવું-જયમલ તથા ઉજેણી તિરસ્કાર ધણી ધણીઆણીની લડાઇ કપટથી ઉજેણી તથા કર્ણુરાય કેદ.

પડદો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો.—મહમદ ગીજનવીની છાવણી મેદીલ માનસિંહને શાબાશી જયમલનું કેદી સાથે આવવું માનસિંહના પ્રપંચથી જયમલનો તિરસ્કાર ભીમદેવનો કુમાર કર્ણ તથા ઉજેણી કેદમાં—

પ્રવેશ ૨ જો.—નવી બોપાળચંદ શેઠ કેવળીયો યાર સ્ત્રી ચરિત્ર

પ્રવેશ ૩ જો.—માનસિંહની રખાત સુંદર હવાઇ વિચારમાં માનસિંહનું આવવું રીસામણાં મનામણાં ઉજેણીને સમજાવવા સુંદરને સમજાવીમોકલવી હર્ષ ઘેલો માનસિંહ—

પ્રવેશ ૪ થો.—સિપાઇઓની ગમ્મત ઉજેણી સુંદરનું આવવું વેમમાં નાંખી ચાલ્યાજવું માનસિંહનો પ્રવેશ પ્રેમની જાહેરાત ઉજેણીના કર્ણને છુટો કરવાની માગણી ઉજેણીનો માનસિંહ પ્રત્યે તિરસ્કાર માનભંગ માનસિંહ—

પ્રવેશ ૫ મો.—યારચમરખાં તથા બોપાળચંદ શેઠ પોગળ શેઠ વ્હેમમાં—

પ્રવેશ ૬ ઠો.—જયમલ પાછળથી કેદમાંથી છૂટેલો કર્ણકુમાર—મેળાપ ઉજેણીને છોડાવવાની તદબીર છુપી બાતમી લેવા મોકલેલા ભીમદેવના રજપૂત સિપાઇઓનું આવી ચઢવું પરસ્પર મેળાપ ભીમદેવ તરફ જવું.

પ્રવેશ ૭ મો.—ભીમદેવ સામંતોને સાબાશી કુમારકર્ણ તથા જયમલ પાપનો પસ્તાવો યુક્તિનો ખુલાસો અને પીસ્તોલના બહાર સાથે મુસલમાન છાવણીપર તુટી પડવાનો નિશ્ચય—

પ્રવેશ ૮ મો.—યાર તથા નવી. દાગીના સાથે નાશી જવાની તૈયારી શેઠનું આવી ચઢવું. સ્ત્રી ચરીત્ર ભુત ગરબડમાં યાર તથા નવીનું નાશી જવું. શેઠ કેવળીયો ગભરાટમાં.

પ્રવેશ ૯ મો.—ઉજેણીઃ કર્ણનું પાનવાળીના વેશમાં આવવું. સિપાઇઓનું ભપકામાં ભરમાવું. જયમલ. ગોળી બ્હાર રજપૂતોનો છાપો મુસલમાન છાવણીમાં નાશભાગ, રજપૂતોનો જય.

ટેબલો.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.—ભીમદેવની કચેરી, રજપૂતોને શાબાશી, જયમલને પ્રધાન પદવી, માનસિંહની અદેખાઇ—

પ્રવેશ ૨ જો.—માનસિંહ વેરની ઉશ્કેરણી, ઉજેણી સાથે હોળી રમવા જતો કર્ણકુમાર, જયમલનું આવવું, પ્રપંચી માનસિંહની પ્રપંચજાળ, જયમલ વ્હેમમાં—

પ્રવેશ ૩ જો.—ઉજેણીને સાહેલીઓ વસંતોત્સવ કર્ણકુમાર પરસ્પરની રંગ ક્રીડા જયમલનું નજરેનજર નિહાળવું વ્હેમની સાબીતી, વૈરભાવના બન્નેને કુછંદી ધારી ઝેર આપી જંગલમાં દટાવી દેવા મોકલી દેવાં, ક્રોધમાં ભુલથી સોમલને બદલે સાકર

પ્રવેશ ૪ થો.—ભીમદેવ માનસિંહના મોઢેથી કર્ણકુમાર તથા ઉજેણીનાં ખૂનની ખબર જયમલને પકડી મંગાવવો ખૂનીને ગરદન મારવાનો હુકમ—

પ્રવેશ ૫ મો.—ચાર તથા નવી ચારનું જંગલમાં પાણી લેવા જવું. કાકો ભત્રીજો નવીનું સંતાઇ જવું. ભત્રીજાનો વ્હેમ, શોધ, છભકરડવી, ભૂત, ચારનું આવવું, ચારને માર ધમાધમી, નવીનું ફરી જઇ પતિપાસે પતિવ્રતા ઠરવું, શેઠના મનનું સમાધાન, ઉજેણી તથા કર્ણને લઇને સિપાઇઓનું આવવું, દાટવા વિચાર, ઉજેણી તથા કર્ણ આબાદ, અંદરથી બુમ, સીપાઇયોનું નાસવું, સઘળાનું જવું.

પ્રવેશ ૬ ઠો.—જયમલ, પસ્તાવો, ઉજેણી તથા કર્ણનું આવી ચઢવું, જયમલને મરતાં અટકાવવો, ગરબડ સાંભળી ભીમદેવ તથા માનસિંહનું આવવું પોગળ, ઉજેણીના હાથથી માનસિંહને મારી, અંતે સદધર્મનો જય, પરસ્પરનો મેળાપ. છેવટનો આનંદ આનંદ.

સંપૂર્ણ.

મુખ્ય પાત્રોનાં નામ.

—o✻o—

ભીમદેવ....................ગુજરાતનો રાજા

સુરસેન....................વૃદ્ધ પ્રધાન.

જયમલ....................તેનો પુત્ર.

કર્ણકુમાર....................ભીમદેવનો કુંવર.

મોહનદેવજી....................ઠાકોર

માનસિંહ....................રાજાનો સાળો.

ગોપાળચંદ....................શેઠ.

કેવળીયો....................તેનો ભત્રીજો.

મહમદગીજનવી....................ગીજનીનો પાદશાહ.

શેરશાહ....................સેનાપતિ.

અમરખાં....................નવીનો યાર, શેઠનો દોસ્ત.

ઉજજેણી....................મોહનદેવજીની કુંવરી

સુંદર....................માનસિંહની રખાત.

નવી....................શેઠની નવી સ્ત્રી.

લશ્કર—ગોર—ગાનારીયો—દાસીઓ—દરબારીયો—વારાંગનાઓ—વીગેરે વીગેરે—સ્થળ—ગુજરાત.

૧૧૪૧

શ્રી નૌતમ "ઉજ્જેણી" નાટક
યાને
સોમનાથનો ઘેરો.

સુત્રધાર

ત્રાતા તું લાયક, સુખ શાંન્તિ દાયક,
છે સત્ય સ્હાયક, તુંહી એક અવિનાશ—ત્રાતા૦
નારદ શારદ હરનીંષ ગુણગાય,
હે સ્હાય, જગરાય, ઉરમાય, કર વાસ—ત્રાતા૦
નૌતમ રચ્યું નાટય, ગુણવંત જન માટ,
ભવ ભ્રાંત કર, શાન્ત, ભવપાન્થ, પુરઆશ.–ત્રાતા૦

નટીઓ—

ધન્ય ધન્ય છે નરવીરને, વળી ધન્ય છે નર ધીરને,
પુરણ તજ પ્રતાપી;
સ્ફુરે કિરતીવાસ અધાપી—વારં૦—
કહી ચંદન પાવકમાં પ્રજળે, નિજ ગંધ તથાપિ
ન લેશ ટળે,
પણ પ્રાણ જતાં નવ ધર્મ ચુકે, ભલે વ્યોમ તૂટે
નવ ટેક મૂકે,
જ્યાં ત્યાં સ્ફુરે જય નાદને,
આત યોગ્ય છે ધન્યવાદને,
નમું ને તણા નિત્ય પાદને–પુરણ૦—

અંક ૧ લો.

નગરજનો— ૧

જય જય ત્રિપુરારી હર જય જય ત્રિપુરારી,
વ્યાઘ્રામ્બર ધર અહિધર લલિત જટાધારી—
રૂંઢમાળ વિશાળ ભસ્મ ભૂષિત ભારી,
ગિરીનંદની અર્ધાંગે ગંગે શીરધ્ધારી—
અબીલ ગુલાલ કુસૂમ ધુપ ચંદન પયવારી,
હર મંદીર ઘૃત દીપક શુભ મંગળકારી—
પંચ શબ્દ વાજીંત્ર વાયે નરનારી,
કપુર નિરાંજન કરૂં આરતી, નારાયણ વારી.

હર હર હર મહાદેવ.

ઉજ્જેણી—સાહેલીઓ ૨

હળી મળી આવો (૨) સૌ સાહેલી, પૂજન પ્રેમ થકીકરીએ,
અતિ ઉછરંગે સૌ મળી સંગે ઉત્તમ વિધીને આચરીએ—એએ
મદનરિપુ ભવપતિને ભજીએ ભજન મણી હૃદયે ધરીએ-એએ
સુખકર, જનવર, શંકર સ્તવીએ, ભવ ભવ પાતિક પર હરીએ;
વિધ વિધ વીધીએ પાર્વતી પતિને, પુજી પુનિત વરને વરીએ.

ઉ—સા— ૩

ઓહો રસવેલી રસિયાની સાથે રસમાં મ્હાલશો
ઓહો મદઘેલી મોહનથી મદમાં માને મ્હાલશો
(વારૂ બા વારૂ)

પ્રેમ તરંગે, મનમથ જંગે, પ્રીતમસંગે, આત ઉમંગે,,
રમશો જમશો પ્રેમથી હાં નેમથી—ઓહો
પ્રેમ કમળપર ભમરી ભમતી કમળકળાશું હૃદયે ગમતી
જારે જા.......................
ઓહો રીસકો કેવો છણુકો (૨) રમશો જમશો.

ઉજ્જેણી—જયમલ— ૪
સોંપુ આ મન મોતી મનહર મારા પ્રેમથી
જાળવજો જીવણજી મારા નેમથી—શોંપુ૦
પ્રેમ હીરે જડી વનિતા વીંટી
રાખશું હૃદય મહિં રમણી એ વાંટી
વાહ મધુરી તુજ વાણી શું મીઠી—
પ્રિતમ આધાર મ્હારા, જીવતી વેલીને પ્યારા
ચંદ્રીકા લટક તમારી ઓર
રસીલા ચંદ્ર તમે ચિતચોર—સોંપુ

ઉજ્જેણી— ૫
માનો માનો બાપુ મારા કરો શાને નોધારા (૨)
નીતિ સ્વીકારો ને માનોરે—માનો૦—
પાળી પોષી ગાય બિચારી હાથે છુંદવા ધારી (૨)
પથ્થર સાથે રતન પછાડો જતનથી જાળવ્યું જેહ
જગત કહે શું જોઈ પિતાજી આપ વિચારો એહ (૨)

બાવળીએ નહી કોયલ શોભે કાગને મોતીની માળ
સાકર શું ખર લાયક ધારો સિંહણ સાથ શિયાળ
(૨)– માનો૦

ઉજાજેણી— ૬

તું ધરરે અરે હાં હરી અબળાનો પોકાર
દીનબંધુ તમે છો દયાલ, મારે એક છે તારો આધારરે તું.–
વૈભવ વાડી વિષે સુખ માનતી, પંખીણી બની લાચાર;
તાત નહીં ઉર વાત વિચારતા, સુખ ન પામુ લગાર—
વેલ ઉછેરીને વાઢવા માંડી, માળી બન્યો મારનાર;
બાળક પાળક છો બળવંતા, સ્હાયક સરજનહાર;

આહાણો— ૭

ધન્ય દહાડોરે! ધન્ય આજની ઘડી,
વિવાહ માંડયોરે! સોને નાંખશે મડી,
મારો ગાંડીઓરે! બેસે હાથીએ ચઢી,
આવ્યા રાજમાં લગન, થયા પ્રભુ પ્રસન્ન,
આંજ ફળ્યો છે દન, બસ મગન મગન,
શેલાં સાથેરે, મળે શાલ પાઘડી—ધન્ય૦—
ભણુવું ગણવું નેવે મેલ્યું ભણતાં ભુલી જઇએ,
ટેલ કરી બે ઘર ફરીએતો ધાન ભેગા થઇએ;
ફળા સાચીરે બામણ ભાઇને જડી—ધન્ય૦

ગાનારીઓ--　　　　૮

મેં તો થાળભર્યોરે સગમોતીએ—
હું તો વર વહુ વધાવાને જાઉં, મારે સોનાસમોઈં
　　　　　　　　　　સુરજ ઉગીઓરે,

મારાભાઈરે માનસિંહભાઇકેરે કારણેરે
હું તો લાવુ લાખેણીલાડી આજ...મારે૦—
મારે ઓરડે આજ અજવાળ
મારે આંગણીએ ઝાકઝમાળ—મારે૦—

ગાનારીઓ--　　　　૯

સજની કન્યાને કાજે ચોળી ચુંદડી
સજની વરવહુને કાજે ઝીણાં ચીરરે
રંગિલી સજની રંગેભર્યા લાડીજી લાવીએ
સજની કન્યાને કાજે અમુલખ ચુડલો
સજની વરવહુને ઝાંઝરીઆની જોડરે—રંગીલી—

માનસિંહ—　　　　૧૦

રંગેરસુહું (ઓહો) બનશે બંદા આજે વરરાજા
ફક્કડ ફરૂહું (વાહવાહ) અક્કડ થઇ વરરાજા બસરાજા
લાવુરસીલી (અહાહા) રહીશું મોજે ઝીલી રસઝાઝ
મ્હાલે પછી આ (ઓહો) મતવાલા થઈ રસ ઝાઝા
　　　　　　　　　　તનમનના તાજા—

ખુશ થઇને હાં જઇને ઘોળુ કેસર પ્યાલા
પ્રીત ચહીએ ગીતગઇએ ગોરીના ગુણવાળા
ચાલુ છટાથી હાં રોફે જઇ વગડાવું વાજા—રંગે૦—

શેરશાહ— ૬૧
ભાવેતેરો ભોરભયો રાગ
ગુનીઅન ગાએ (૨) ગુની પ્હેચાને—ભાવે૦—
રસભરી તાન મોહત નીતજાન
ગાના ભેદન હરકો જાને—ભાવે૦—

શેરશાહ— ૬૨
જરા કુછ આંખતો ખોલો
મુસાફિર કોન આયાહય
કરો આદેશ છુપાહે દેશ
છુપાહી બેશ બનાયા હય—જરા૦—

વારાંગનાઓ— ૬૩
હાંહાંરે રસભીના નગીનારે—હાંહાંરે૦—
જાદુ મત ડારોરે—રસભીના૦—
બેન બજાવે નેન નચાવે ગાવે—
રસ સરસ પ્રભીનારે—

જયમલ— ૧૪

દયાના દાતાએ અજબ પ્રીત બક્ષી જગતમાં,
પ્રિતીએ ગુંથાયું સકલ જગ જોતાં નજરમાં.
પ્રસૂતીની પીડા, નહિંજ કદી વંઝા ઉરઠશે;
પ્રિતી રીતી ન્યારી, પુરણ અનુરાગી સમજશે.
અજબ મણી છે પ્રેમ જગતમાં, અજબ તેજ ભંડાર.
સકલ હરી ભ્રાંતિ ભવ વનની, શાંતિ અજબ દેનાર.
તનમન થાએ કંચન અડતાં, રંચન પાંમું પાર;
પ્રેમ જવાહિર અલખ ખલકમાં, વિરલા પાલણહાર.

જયમલ— ૧૫

ગજબ થાય પલકમાંય
નશીબ ફરે જયારે—
વિનયી વિનય વિસરી જાય
નીતિ ભુલાય રિતી ભુંસાય
ડા'પણ સાથે દબાય—
સાહસ ચાહાય-કરે અન્યાય
રંકરાય પાપે વિલાય પુરાપસ્તાય—

ઉજજેણી—જયમલ— ૧૬

પ્રિતમ ઘર આવોરે, અળગા રહોને શું અમુઝાવો-પ્રિતમ
કમળ બિડાયે મન ગભરાયે,
પંખીણી વીનવે લળી લળી પાયે,

ચંદ્ર છુપાઈ છુપાઇ હૃદય લોભાવોરે–પ્રિતમ૦–
વ્હાલ ધરીને વલ્લભા વ્હાલમ જોતીવાટ,
તુમ દરશન વિણુ શામળા અંતર થાય ઉચાટ;
શાંત શાંત તું સુંદરી શાંત સમય એકાન્ત,
હૃદય ભાવના રેડવા આવે તારો કાન્ત—પ્રિતમ૦

ઉજાજેણી— ૧૭

બોલો બોલો પ્રિતમજી બોલો રસીલા બોલોરે–
શાણા રાણા સુંદરીના શણગાર,
જીવનના આધાર–રસીલા—બોલો.
ચિતહર ચંદ્ર ચતુર વિના કુમુદિની કરમાય,
વચન સુધારસ સિંચતા શાન્તિ સત્વર થાય.
પડયો શો વાંક પ્યારા ન બોલો નાથ મારા.
(બોલો નહીંજ બોલો) (બોલું છું'ને)
પાયે પડી પ્રાણ આધારા વિનવતી દીનદારા.—બોલો—

ઉજાજેણી—જયમલ— ૧૮

શાન્તિ સુધા ભરનાર, હૃદય ઠંરનાર, જીવનઆધાર,
જાશો તજી આ નાર, અરે આ વાર, કરી નોંધાર;
નિરમ્યું નશીબ મોઝાર, સફળ થાનાર, પ્રિયા થાનાર.
વેલી તણો શૃંગાર, સુખદ ભરથાર, જતાં લાચાર!
પ્રણામ....પ્રણામ....છે રામ...રામ.

હિંમજેણી--   ૧૯

શાને શાને ડરાવો છે નામમાં.
આવો ઉભી હું સંગ્રામમાં
હું છું સાચી ક્ષત્રી બાળ. (૨)
કરૂ પૃથ્વી રસાતાળ,
જાજા ટાલી હુગ્રાવે શું હામમાં-આવો૦-
શાને ડુબાડે છે નામ કરે ગુણને હરામ.
નહી આવે આખર કંઇ કામમાં—આવો૦—

ટેબ્લો.

અંક ૨ જો

વારાંગના— ૨૦

સાંવરી સલુની મચકાતી પ્યારીનાર
જીયા ચાહે કરૂં તોસે પ્યાર,
ઝીંઝીંકત ઝીઝીકત ઝાકત ઝુકત હય,
ઇશ્ક નીભાવન મન સમજાવન;
લીજત કહુત મીલજારી,
મેં જાવું તોરે બલહાર—સાંવરી૦—

વારાંગના— ૨૧

પીયો પીયો (૨)પ્યારે મોરે પ્યાલી આ દુલારી,
સુંદર પ્યાલી એ ગુણવાળી ઓર મિઠી મઝેદાર;
સાર સકળ સંસાર કે હય સજ્જન શોખીલા સાર,
નીંદે કોક ગમાર—પીયો૦—

નવી— ૨૨

હાંરે બની જોબનથી મદમાતી,
હાંરે મદમાતી હાંરે રસરાતી—હાંરે૦
નરને નચાવું હું પગમાં રીઝાવું.
પતિને ઉડાવું મઝાથી—જોબન૦—
ભભકે ભુલાવું હું લટકે લોભાવું.

મદન તણા ગીત ગાતી--જોબન૦—
રૂપમાં રમાડું હું પતિને અડાવું.
તોયે સતિમાં પંકાતી—જોબન—

નવી— ૨૩

લાલ તમે મુજનેરે પ્રિતની રીત શીખાવી;
રીત શીખાવી ને શુદ્ધ બુદ્ધ લીધી
જાદુઈ ઝઘડો જાગ્યો (વાહ વાહ)—લાલ૦
ભુલી પડી કોઈ પંથ બતાવો;
પ્રેમનો કાંટો વાગ્યો (૨) લાલ૦—

નવી-શેઠ-- ૨૪

ભુલ્યો ભુલ્યો નવી પાયે લાગતો
જોને હું તો પાયે પડીને માફી માગતો
બોલો બોલો કાંઈ કરી વિચાર
મને શું ધારી એવી છટેલી નાર
નાના નવી મારા હૈયાનો હાર
મારે રંગીલી તું સૃષ્ટિનો સાર
(લોકો આ તમાશો જુવે રાખો કાંઇ સાન)
(દુનીઆ કેવી અદેખી છે મારા મ્હેરબાન)

સુંદર— ૨૫

નવિન નવિન પામી જોબન રસીલું
નયનથી ભલ ભલા નચાવું

રસીક રસીલા રાજકુંવરને
પ્રેમ બગીચે પ્રીતે ખીલાવું—નવીન૦—
હું ભમરી એ ભમર રસીલા
જુકિત જોડી મળી હું હરખાઉં—નવીન.

આનસિંહ-સુંદર— ૨૬

માનો માનો મધુરી અલબેલી ચોનાર
જાણ્યા જાણ્યા ધુતારા શાણા સરદાર—
તારી સુરત રસીલી તારી સુરત છબીલી
તું તો હૈયાનો હાર (જાઓ જાઓ) રંગીલી—
માગે સુખથી તે આપું હું
રસીલી હૃદયે ચાંપું હું
આપો દીલનાથ માંગું છું હૃદયમાં એજ ચાહું છું
વારી વારી વારી પ્યારી તારી બલિહાર–માનો

આનસિંહ— ૨૭

કરૂ અમન ચમન હવે ઉમંગ અંગ અંગ
રમું જમું ફરૂ ફરૂ ઉડાવું રાગ રંગ
રચી પ્રપંચ પાસ ખાસ છે મચાવ્યો જંગ
નશીબ રંગ નશીબ રંગ રંગ રંગ રંગ
બનુ મગન મગન મળ્યો અજબ પ્રસંગ
વિલાસ ખાસ માણુશું હવે સલુણી સંગ
સુખી કરે દુઃખી કરે વિલોકી થાઉં દંગ
નશીબ રંગ (૨) રંગ રંગ રંગ—કરૂ—

ઉજ્જેણી— ૨૮

દીન બંધુ દયા કર કાંઇ—અરે
દુઃખ દરીએ રહી હું મુઝાઇ
નસીબ નવાઈ કળાએ ન કાંઈ
ઉલટ સુલટ પટ પલકની માંહિ
વૈભવ જાયે રોળાઈ—દીન૦
વિરહની વાદળો ચોગમ છાઇ
વેલી સુકોમળ જાયે સુકાઈ
રસીક મળે હવે કયાંઇ—દીન૦

ઉજ્જેણી માનસિંહ-- ૨૯

જરીસ્નેહ ધરી સુંદરી મલકાવો વદન સુધાકરને
આ મદન અગન તન તદન બુઝાવા તરત કૃપાકરને
મરમ મમત મુકીદે રસીલી રજતો આદર દે
આ અનળ રોગીની કાંક યોગીની અરજ ગરજ ધરને
ભ્રમીત કરે રસરાજ મધુરી વચનની સાકરદે
તરૂણી તારી યોવન છાંયે તપીત મુસાફરલે—

ઉજ્જેણી— ૩૦

સાચા સ્નેહી વીના દુઃખ કયાં ઉચારૂ
શાન્તિ નહિ અંતરમાં ધારૂં—
વાડ વીના આ વેલી નોંધારી, એળેજાયે જીવતરમારૂ—
મધ્ય દરિયે જીવ મચ્છ મુઝાયે
હરી તું ઉધાર દયા આંરૂ—

જયમલ— ૩૧

વિધી તું શું શું કરે, રે !—
ઘડીક હસાવે ઘડીક રડાવે ઘડીક મહિં ગભરાવે
પ્રેમ બગીચે ભમર ભટકતો
વિરહ પથ્થર શીર પટકેરે
આશા હવામાં ઉડી અભાગી
અધવચ અધ્ધર અટકેરે
એ............એ............એ..........
હા મધુરી એ કયારે મળે—વિધી૦.

જયમલ— ૩૨

મન મારૂં શાન્તી પામે કયાં વિરામે—
પ્રિયે સુરતિ ના વિસારૂ
ચિત્ત મારૂ કયાં હું ઠારૂ—મન
રમે રમણી આ રદય ધામે
રમશે રમણુ કયેઠામે—પ્રીય
રતિની રતિનાં રતિ તો વામે
મતિની ગતિછે પ્રીતિ આરામે—(પ્રીય)

ભીમ, લશ્કર— ૩૩

વિજય વિજય કરો, અરી દળ કરી પતન,
સત્ય માટ પામશું જ સ્વર્ગનું ભુવન—
રણેચઢે લડેપડે છે ધન્ય ક્ષત્રીતન

ખુણેગડે જતાંરડે છે ધિક્કએ જીવન
સ્વદેશ ભક્તિ પુષ્પમાળ ધારનાર ધન્ય!
પુન્યવંત ભાગ્યવંત એવિના ન અન્ય!

શેઠ—કેવળીઓ— ૩૪

આહાહાહા ઘરમાં પેઠું ભુત (૨)
આહોહોહો ભુત! આહાહાહા ભુત!
આતો જાગ્યું જોયા જેવું તુત!
(ઓય બાપરે)
પેઠું હાય બકરૂં કાઢતાં ઉંટ!
(ખાધોરે)
સુખીઆ સુણી ન દેખી ખમાય
દુનિઆ કેવી અદેખી ગણાય!
ખાધો મારા બાપ! પુંઠે પડયું પાપ!
લાગ્યા કોના શ્રાપ! કાકા ખાધી થાપ!!
ભુત! ભુત! ભુત!—આહાહાહા

કરણ— ૩૫

ખીલેલા ફુલોથી ભરી છાબ આ,
યારો મજાશી અહા ગુલાબમાં;
કોઈ લેશો રસીલા દીલદાર
જાય ઉઠી ગુલબહાર—ખીલે

ટેબલો.

અંક ત્રીજો.

દરબારીઓ--   ૩૬

દીનાનાથ હે દયાળ દીનમણી પ્રજાપાળ.
ગાયે ગુણને રસાળ વ્હાલ ધરી બાળઆજ.
રેલ છે આનંદ ઉર, અવિચળ પામ્યા નૂર;
છાઇ કીરતી મધુર, વાસના શું ભુમિમાંજ,

ઉજજેણી સાહેલીઓ.   ૩૭

આવો આનંદે આનંદે હોરી ખેલીએ
ભીંજી અરસ પરસ ભીંજાવો રંગરેલીએ
કેસુંડાં રસબસ મસ ઘોળી
પચરંગી પટકુળ રંગ રોળી
સરસ સરસ રસરેલીએ--આ—

જયમલ ઉજજેણી   ૩૮

કુલટા દુરથા દુરજા!
અરે નાથ શાણા કરોને વિચાર;
હુંતો નથી લેશ અરે ગુન્હેગાર—(ચુપ દુર)
ઠગાઈ જાણી તારી ફંદે ફસાવનારી,
પ્રપંચ જાળતારી, હણી કરૂં ખુવારી,
સાચાનો સાહ્યક શ્રી જગનાયક
લાયક તારો આધાર,
બાળા હુંતો નિરાધાર—કુલટા૦—

ઉજમેણી— ૩૯

રે ! દીનબંધુ દાદ હૃદયમાં ધારજો
વણુ અપરાધે વેલી આ કચરાય છે રે
નોધારીને એક હરી આધારજો
વ્હાર તેહુનીધાડ જગતમાં થાય છેરે
નથી સત્ય ચુકી કદાપિ જરીહું
ગુન્હેગાર હુ નાથપાસે ઠરીછું
તળેજો બળે તેલમાં કાયમારી
તથાપિ સતિને ન ચિંતા લગારી
ભવભવ માગુ પતિ પદ સેવા સારજો
આશાનું ફુલખીલી તરત કરમાય છેરે—રે—

ભિમદેવ— ૪૦

દશા શું અજબ એક તારૂંજ કામ !
ઘડીમાં કરે રાયને તું ગુલામ;
દીયે રંકને તું અમીરી તમામ,
અજબ દોરતારો અજબ છે દમામ;
ચઢી રાજધાની રમે દિવ્ય ધામ,
કઇને ઘડીનો મળે ના વિરામ;
અજબ ગ્રંથ તારો અજબ છે કલામ,
દશા દીવ્ય દેવી હજારો પ્રણામ.

શેઠ વગેરે— ૪૧

લેરે લેરે નફ્ટ લેતોજા
તારા કપટનો બદલો લેતો જા—
તારા પાપે મને ફસાવ્યો
આજ ખરેખર દાવમાં આવ્યો
વારેવા, વારેવા, વારે, (૨)
એતો દોસ્તીનો હક લેતોજા—લેલેરે

જયમલ— ૪૨

આખર અવસર આવ્યો સાહયક સાચો હરી
તાતવચનના વ્હેળે વા'યો, દુનિયા માંહિ દુષ્ટ ગણાયો;
દુખનો મેઘ છાયો યોગમ સુજન પડે જરીરે—
કોમળવેલી હાથે કાપી પુરણ ઠર્યો પૃથ્વી પર પાપી,
ખીલ્યા પ્રથમ આશા કલી હાયે પડી ખરીરે;
હાય મળે કયાં એ સતિનારી નિર્દય થઈને નાખી મારી,
ઓથ હવે અવિનાશી તારી મુજને ખરી ખરીરે

સઘળા— ૪૩

આજે ઉર છાયો રંગ ઉમંગ
જગપતિ, રીઝયા અતિ,
વિજયછે વિજયછે નીતીનો સહાય—

શાંન્તીની વૃષ્ટિછે આજ ભુમીપર
આજ ભુમીપર
ઉદય ઉદય થયો નીતિ રીતિ ન્યાયે
આહા ઉછરંગ, જમ્યો અભંગ—

સમાપ્ત.





